૫૦૨/૩,૭૧૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પરિચય - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય - દસમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૯

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તેથી ગાદીને શું કરીએ ?'' (૩૪)

૨. ''તેમ મેં પણ હવે સહજાનંદ સ્વામીનો આશરો કર્યો છે.'' (૪૫)

૩. ''આપણે માની દેહક્રિયા કરવા રહેશું તો મહારાજ ચાલ્યા જશે.'' (૮)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. અરદેશરજીએ પોતાની રક્ષા માટે મહારાજને પ્રાર્થના કરી. (૧૦)

૨. એકાંતિક સંતનો સંગ મન કર્મ વચને કરવો જોઈએ. (૩૯)

૩. નીલકંઠવર્ણીએ પૂતલીબાઈનો મોક્ષ કર્યો. (૯૧)

**પ્ર.૩** 'રાજબાઈ' (૫૧) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. સ્વરૂપાનંદ સ્વામીને કોણે દીક્ષા આપી ? (૮૨)

૨. કડવીબાઈના ભાઈનું નામ શું હતું ? (૧૯)

૩. કોણ સુખી થતો નથી ? (૬૬)

૪. પ્રધાનપુત્રે રાજકુમારના ગળે કાપો કરી શું કર્યું ? (૧૪, ૧૫)

૫. શ્રીજીમહારાજે નથુ ભટ્ટને સમાધિમાં શું બતાવ્યું ? (૩૬)

**પ્ર.૫** 'વિષયને માર્ગે.....' (૮૧) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. અસુર અધર્મી ....... કરાવ્યા ત્યાગ. (૬)

૨. જમણા પગને રે ....... પાણી પીધાની ટેવ. (૬૨)

૩. ગાયત્રીથી લક્ષ ....... સદ્‌બુદ્ધિ જાગે. (૧૪)

૪. वैराग्यं ज्ञेयमप्रीतिः ....... सुष्ठु वेदनम् ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર લખો. (૮૯)

## વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત - દસમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. પારસથી થયેલું સોનું, પારસથી પણ કદી પાછું લોઢું બની શકતું નથી. (૨૫)

૨. ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં ભજનનો આગ્રહ રહે તો જીવ ધારે તે કરી શકે. (૪૩)

૩. મેં તો તમામ કૂંચીઓ પ્રાગજીને આપી છે ને હું તો નિવૃત્તિ લઈને નવરો થયો છું. (૨૨)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. જીવપ્રાણીમાત્ર ચામડાં જ ચૂંથે છે. (૧૩, ૧૫)

૨. મહારાજે યજ્ઞપુરુષદાસજીને ગુલાબનો અને મોગરાનો હાર પહેરાવ્યો. (૫૭)

૩. સ્વામીએ વાઘાખાચરની સેવામાં પ્રાગજી ભક્તને મૂક્યા. (૨૩)

**પ્ર.૯** 'અમદાવાદમાં જ્ઞાનયજ્ઞ' (૪૪) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. સુરતમાં યજ્ઞપુરુષદાસજી કોની પાસે રહેતા ને શું કરતા ? (૩૪)

૨. ભગતજીના મહિમાનું અષ્ટક કોણે કઈ ભાષામાં બનાવ્યું ? (૩૯)

૩. ગઢપુરમાં આચાર્ય મહારાજે ભગતજીને કયો પ્રશ્ન પૂછ્યો ? (૪૯)

૪. પ્રાગજી ભક્તને ક્યારે દુઃખ થતું ? (૮)

૫. શ્રીજીમહારાજે પ્રાગજી ભક્તને પ્રથમ કેવા સ્વરૂપે દર્શન આપ્યા ? (૨૦)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.** (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીનો યોગ થતાં પહેલાં ભગતજીએ કયા પરમહંસોનો સમાગમ કરેલો ? (૩)

(૧) ☐ નિત્યાનંદ સ્વામી

(૨) ☐ યોગાનંદ સ્વામી

(૩) ☐ મુક્તાનંદ સ્વામી

(૪) ☐ ગોપાળાનંદ સ્વામી

૨. ભગતજીએ કરાવેલું ઐશ્વર્ય દર્શન (૫૮-૫૯)

(૧) ☐ નાગનું ઝેર ઉતાર્યું.

(૨) ☐ કોલેરાનો રોગ મટાડ્યો.

(૩) ☐ કૂતરું કરડવાનું દર્દ મટાડ્યું.

(૪) ☐ બ્રાહ્મણને શ્રીજીમહારાજનાં દર્શન થયાં.

૩. ભગતજીએ હરિભક્તોના સુખ માટે ક્યાં અને કેટલી માળા ફેરવી ? (૪૬)

(૧) ☐ ૧૮,૦૦૦

(૨) ☐ ૧૦,૦૦૦

(૩) ☐ જૂનાગઢ

(૪) ☐ મહુવા

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના અમીન હરિભક્ત આચાર્ય જટાશંકરે પોતાના શિષ્ય મણીલાલ ભટ્ટને કહ્યું, આ જાગા ભક્ત જેવા મોચી ગાદી ઉપર બેસે અને આચાર્ય એમને દંડવત્ કરે છે.

જવાબ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના **નાગર** હરિભક્ત **ડૉ. ઉમિયાશંકરે** પોતાના **ગુરુ બાળમુકુંદદાસજીને પૂછ્યું,** આ **પ્રાગજી ભગત** જેવા **દરજી ઢોલિયા** ઉપર બેસે અને **સંતો** એમને દંડવત્ કરે છે.

૧. **જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે :** ભગતજી મહારાજ વર્ષમાં છ મહિના સ્વામી પાસે રહેવા લાગ્યા. (૬)

૨. **સાક્ષાત્કાર :** શ્રીજીમહારાજે કૃપાદૃષ્ટિ કરતાં કહ્યું, ''તું સ્વામીને વશ છું અને તેં સ્વામીને વશ કર્યા છે, તેથી આજથી હવે હું તને પણ વશ છું.'' (૨૦)

૩. **ઉપાધિની શરૂઆત :** પ્રાગજી ભક્ત બોલ્યા, ''સ્વામીની ગાડીમાંથી અનંત ચંદ્રનું તેજ નીકળે છે તે મારાથી પાસે અવાતું નથી.'' (૨૬)

૪. **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :** જગતનું અજ્ઞાન રાખે તે ગુરુ. જેને જોઈને મન ચલાયમાન ન થાય અને વૃત્તિ ચોંટી જાય તે ગુરુ. (૫૪)

૫. **અક્ષરવરની માંગણી :** ''સ્વામી ! મેં તો શુકમુનિ સ્વામી તથા આપના સમાગમથી એટલું તો જાણ્યું છે કે ગાડી અને બંગલામાં સુખ નથી.' (૯)

૬. **સત્સંગમાં સ્વીકૃતિ :** ભગતજીએ ખુશાલ ભગતને કહ્યું : 'આ તો દેહનું કેડિયું સીવ્યું છે પણ મને તો અંતરનું કેડિયું પણ સીવતાં આવડે છે.' (૩૨)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**